# આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ

| અ.નં. | વિગતો | |
|---|---|---|
| ૧ | યોજનાનું નામ/પ્રકાર | ચિરંજીવી યોજના |
| ૨ | યોજના શરૂ થયાનું વર્ષ | ૨૦૦૫ |
| ૩ | યોજનાનું નાણાંકીય સ્ત્રોત | ગુજરાત રાજય |
| ૪ | યોજનામાં છેલ્લે કયારે સુધારો કરવામાં આવ્યો | તા.૧૭/૮/૨૦૧૦ |
| ૫ | યોજનાના લાભાર્થીની પાત્રતાનાં માપદંડ | આ યોજનામાં ગરીબી રેખા હેઠળની (બી.પી.એલ.કાર્ડ ધરાવતી) કુટુંબની પ્રસુતા બહેનો તથા ગરીબી રેખા હેઠળ ઉપરની (એ.પી.એલ. કાર્ડ ધરાવતી) પરંતુ આવક વેરો ન ભરતી હોય તેવા અનુસુચિત જન જાતિ કુટુંબોની પ્રસુતા બહેનોને લાભ આપવામાં આવે છે, જે લાભાર્થી પાસે બી.પી.એલ. કાર્ડ ઉપલબ્ધન હોય તેમણે તેઓના વિસ્તારનાં તલાટી કમ મંત્રી, મામલતદાર, મુખ્યઅધિકારી પાસેથી આવકનું પ્રમાણપત્ર મેળવવાનું રહેશે. |
| ૬ | યોજના અંતર્ગત સહાય/લાભ | આ યોજના હેઠળ પ્રસુતા બહેનોને સરકાર ધ્વારા નકકી કરાયેલા ખાનગી દવાખાનામાં વિના મુલ્યે પ્રસુતિ કરાવી શકે છે. દવાખાનામાં દાખલ થનાર પ્રસુતાએ દવાખાનામાં કોઇપણ રકમ ચૂકવવાની હોતી નથી. એટલું જ નહીં પણ સારવાર માટેની જરૂરી દવાઓ પણ ડૉકટર જ આપશે અને તે પણ વિના મુલ્યે. ઉપરાંત પ્રસુતાને દવાખાને આવવા ભાડા પેટે રૂા.૨૦૦ ડૉકટર ધ્વારા રોકડા આપવામાં આવશે. |
| ૭ | યોજનાનો લાભ મેળવવા માટેની પધ્ધતિ | યોજનાનો લાભ લેવા માટે ફોર્મ ભરવાનું થાય છે અને તેની સાથે જરૂરી દસ્તાવેજ જેવા કે બી.પી.એલ. કાર્ડની નકલ અથવા આવકનો દાખલો મુકવાનો |

| | | |
|---|---|---|
| | | થાય છે. |
| ૮ | યોજનાનો લાભ કયાંથી મળશે. | જિલ્લામાં ચિરંજીવી યોજનામાં જોડાયેલ ખાનગી સ્ત્રી રોગ નિષ્ણાત તબીબોને ત્યાં જેનાં સરનામાં આ સાથે સામેલ છે. |